ફ્રેન્ચ ઓપન કોસ્ટ્યુક-એન્ડ્રીવા વચ્ચે સેમી ફાઇનલ જંગ

સબાલેન્કા ઓસાકાને હરાવી ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશી

સેરેના વિલિયમ્સ પછી સબાલેન્કા સતત 14મી

ગ્રાન્ડસ્લેમ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશનારી પ્રથમ ખેલાડી

પેરિસ, Ie. 01 જૂન : દુનિયાની ટોચની ખેલાડી આર્યના સબાલેન્કાએ સોમવારે ઓસાકાને 7-5, 6-3 થી હરાવીને ફ્રેન્ચ ઓપનની ક્વાર્ટર ફાઇનલમાં જગ્યા બનાવી લીધી છે. આ સાથે જ તે ક્લે-કોર્ટ ગ્રાન્ડસ્લેમ જીતવાની વધુ નજીક પહોંચી ગઈ છે, જ્યાં ગયા વર્ષે તે ફાઇનલમાં કોકો ગોફ સામે હારી ગઈ હતી. આ સાથે જ સબાલેન્કા સેરેના પછી સતત 14મી ગ્રાન્ડસ્લેમ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનારી પ્રથમ ખેલાડી બની છે.

રોલા ગેરો ખાતે ત્રણ વર્ષમાં આ પહેલી મહિલા નાઇટ મેચ હતી. ચાર વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન્સ વચ્ચેની આ ટક્કરમાં, સબાલેન્કાએ ઓસાકા સામે તેની કારકિર્દીનો રેકોર્ડ સુધારીને 3-1 કર્યો છે. ઓસાકા પહેલીવાર અહીં ચોથા રાઉન્ડમાં રમી રહી હતી. સબાલેન્કા આ મેચ 1 કલાક અને 27 મિનિટમાં જીતી ગઈ હતી.

ક્વાર્ટર ફાઇનલમાં સબાલેન્કાનો સામનો ડાયના શ્નેડર સામે થશે, જેણે સ્પર્ધામાં બાકી રહેલી છેલ્લી અમેરિકન મહિલા ખેલાડી મેડિસન કીઝને 6-3, 3-6, 6-0 થી હરાવી હતી. દિયાન પેરીની પોલેન્ડની 114મી ક્રમાંકિત માજા શ્વાલિન્સ્કા સામે 6-3, 6-2થી હાર થતાં જ ફ્રાન્સની આશાઓ પર પાણી ફરી વળ્યું હતું. કોકો ગોફ, ચાર વખતની વિજેતા ઇગા સ્વાઇટેક અને બીજા ક્રમાંકિત એલેના રાયબાકીના સહિતની ઘણી ટોચની મહિલા ખેલાડીઓ ટૂર્નામેન્ટમાંથી પહેલા જ બહાર થઈ ચૂકી છે.

માર્ટા કોસ્ટ્યુકે યુક્રેનની જ એલિના સ્વિટોલિનાને હરાવીને કેરિયરની પ્રથમ ગ્રાન્ડસ્લેમ સેમીમાં પ્રવેશ કર્યો

રશિયાની મીરા એન્ડ્રીવાએ રોમાનિયાની સોરાના સિર્સ્ટીઆને હરાવીને બીજીવાર ફ્રેન્ચ ઓપનની સેમીમાં

પેરિસ, તા. 02 : આ સિઝનમાં ક્લે કોર્ટ પર શાનદાર ફોર્મમાં રહેલી માર્ટા કોસ્ટ્યુકે ફ્રેન્ચ ઓપનના મહિલા સિંગલ્સ સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે જ્યાં તેનો સામનો યુવા રશિયન ખેલાડી મીરા એન્ડ્રીવા સામે થશે.

મંગળવારે રમાયેલી અંતિમ આઠ મેચમાં કોસ્ટ્યુકે પોતાના જ દેશની એલિના સ્વિટોલીનાને 6-3, 2-6, 6-2 થી હરાવીને પોતાના કરિયરની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો. આ જોડી મિત્રો, ટાઇટલ હરીફ અને રાષ્ટ્રીય રમતગમતના આઇકોન છે, અને ઓપન યુગમાં આ પહેલી વાર હતું જ્યારે યુક્રેનનું પ્રતિનિધિત્વ કરતી બે મહિલાઓ સિંગલ્સ મેજરના ક્વાર્ટર ફાઇનલમાં આમને-સામને આવી હતી. કોસ્ટ્યુક વ્યાવસાયિક યુગમાં ફ્રેન્ચ ઓપન સેમિફાઇનલમાં પહોંચનારી પ્રથમ યુક્રેનિયન મહિલા બની. સ્વિટોલીના અન્ય ત્રણેય ગ્રાન્ડ સ્લેમમાં સેમિફાઇનલમાં રમી છે, પરંતુ છઠ્ઠી વખત ફ્રેન્ચ ઓપન ક્વાર્ટરફાઇનલમાં પહોંચવામાં નિષ્ફળ રહી છે.

રશિયાની 19 વર્ષીય એન્ડ્રીવાએ બીજા ક્વાર્ટર ફાઇનલમાં અનુભવી રોમાનિયન ખેલાડી સોરાના સિર્સ્ટીઆને એકતરફી મેચમાં 6-0, 6-3થી હરાવી. ૧૭ વર્ષના વિરામ પછી ફ્રેન્ચ ઓપન ક્વાર્ટર ફાઈનલમાં પહોંચેલી ૩૬ વર્ષીય સિર્સ્ટીઆ શરૂઆતથી જ પોતાની લય શોધવામાં સંઘર્ષ કરી રહી હતી. એન્ડ્રીવાના ચોક્કસ ગ્રાઉન્ડસ્ટ્રોક અને આક્રમક નેટ પ્લે સામે પુનરાગમનના તેના પ્રયાસો અલ્પજીવી રહ્યા. એન્ડ્રીવા બે વર્ષના અંતરાલ પછી બીજી વખત ફ્રેન્ચ ઓપનની સેમિફાઇનલમાં પહોંચી છે.

સિનર હાર્યો પણ અન્ય ઇટાલિયન ખેલાડીની આગેકૂચ

ટોચનો ક્રમાંકિત યાનિક સિનર બીજા રાઉન્ડમાં હારી ગયો છે પણ ઇટાલિયન ચાહકો માટે ખુશીના સમાચાર છે કે ક્વાર્ટર ફાઇનલમાં ઇટાલીના ઓછામાં ઓછા બે પુરુષ ખેલાડીઓ જોવા મળશે. જેમાં ફ્લેવિયો કોબોલીએ અમેરિકાના ઝાચેરી સ્વાજડાને 6-2, 6-3, 6-7, 7-6થી હરાવીને ફ્રેન્ચ ઓફનમાં પ્રથમવાર પણ ઓવરઓલ તેની બીજી ગ્રાન્ડ સ્લેમ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આ ઉપરાંત માટ્ટેઓ બેરેટિનીએ જુઆન મેન્યુઅલ સેરુન્ડોલોને 6-3, 7-6, 7-6થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં જગ્યા બનાવી લીધી છે. માટ્ટેઓ આર્નાલ્ડીએ ફ્રાન્સિસ ટિયાફો ને 7-6, 6-7, 3-6, 7-6, 6-4થી હરાવીને અંતિમ આઠમાં પહોંચનારો ત્રીજો ઇટાલિયન ખેલાડી બન્યો હતો.

ભારત પોતાના ઘરઆંગણે બનશે મહેમાન, અફઘાનિસ્તાન યજમાન

સપ્ટેમ્બરમાં દિલ્હીમાં રમાનારી ત્રણ મેચની ટી-20 સીરિઝમાં યજમાની અફઘાનિસ્તાન કરશે

પહેલીવાર એવું બનશે કે અફઘાનિસ્તાન ભારત સામેની દ્વિપક્ષિય સીરિઝની યજમાની ભારતમાં જ કરશે

નવી દિલ્હી, તા. 02 : ભારત અને અફઘાનિસ્તાન ચાલુ જૂન મહિનામાં એક ટેસ્ટ અને ત્રણ મેચની વન ડે સીરિઝ રમવાના છે. એકમાત્ર ટેસ્ટ 6 જૂનથી શરૂ થશે, જ્યારે વન ડે સીરિઝ 13 જૂનથી શરૂ થશે. જોકે આ સીરિઝ શરૂ થાય તે પહેલાં મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે કે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે સપ્ટેમ્બરમાં ત્રણ મેચની ટી-20I સીરિઝ પણ રમાઇ શકે છે. અફઘાનિસ્તાન આ સીરિઝની યજમાની કરશે પણ તેની મેચો ભારતમાં જ રમાશે. અર્થાત ભારત પોતાના ઘરઆંગણે મહેમાન બનશે જ્યારે પ્રવાસી ટીમ અફઘાનિસ્તાન યજમાન રહેશે.

એક અહેવાલ મુજબ, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે સપ્ટેમ્બરમાં ત્રણ મેચની ટી-20 સીરિઝ અફઘાનિસ્તાનની યજમાની હેઠળ યોજાવાની છે. આ ત્રણેય મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે. એ નોંધનીય છે કે ભારતે અફઘાનિસ્તાનના ક્રિકેટના વિકાસમાં નોંધપાત્ર મદદ કરી છે. આ પહેલી વાર હશે જ્યારે અફઘાનિસ્તાન દ્વિપક્ષીય શ્રેણીમાં ભારતનું આયોજન કરશે. ભૂતકાળમાં, અફઘાનિસ્તાને ભારતમાં તેમની મેચોમાં યજમાની કરી હતી પણ તે સમયે પ્રવાસી ટીમ બીજી હતી. અફઘાનિસ્તાને ગ્રેટર નોઇડા, દેહરાદૂન અને લખનૌમાં આયર્લેન્ડ અને બાંગ્લાદેશ જેવી ટીમોનું યજમાની કરી હતી. પણ હવે તે ભારતની યજમાની ભારતમાં જ કરશે.

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે છેલ્લી ત્રણ મેચની ટી-20I શ્રેણી જાન્યુઆરી 2024 માં રમાઈ હતી. આ સીરિઝ ભારતમાં યોજાઈ હતી. ટીમ ઇન્ડિયાએ આ શ્રેણીમાં અફઘાનિસ્તાનને 3-0 થી હરાવ્યું હતું. આ સીરિઝની બેંગલુરુમાં રમાયેલી ત્રીજી ટી-20I ઘણી રોમાંચક રહી હતી. મેચ સુપર ઓવરમાં ગઈ, જે ભારતે 10 રનથી જીતી લીધી.

ભારતના નેટ પ્રેક્ટિસ સેશન માટે નબી અને પ્રિન્સ સહિત છ નેટ બોલર તરીકે સામેલ

નબી અને પ્રિન્સ ઉપરાંત ઝીશાન અંસારી, શિવાંગ કુમાર, ગુર્જપનીત અને સારાંશ જૈનનો સમાવેશ

મુલ્લાનપુર, તા. 02 (પીટીઆઈ) : જમ્મુ અને કાશ્મીરના ઝડપી બોલર આકિબ નબી ડારને 6 જૂનથી અહીં શરૂ થનારી અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ માટે ભારતના નેટ પ્રેક્ટિસ સત્ર માટે પસંદ કરાયેલા છ બોલરોમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ મેચ માટે ટેસ્ટ ટીમમાં નબીની પસંદગી ન કરવા બદલ પસંદગી સમિતિને ટીકાનો સામનો કરવો પડ્યો.

નબી ઉપરાંત, ઉત્તર પ્રદેશના લેગ-સ્પિનર ઝીશાન અંસારીને પણ નેટ પ્રેક્ટિસ માટે બોલાવવામાં આવ્યો છે, કારણ કે અફઘાનિસ્તાનની ટીમમાં કાંડા સ્પિનર હોવાની શક્યતા છે. નેટ પ્રેક્ટિસ માટે બોલાવવામાં આવેલા અન્ય બોલરોમાં ડાબા હાથના કાંડા સ્પિનર શિવાંગ કુમાર, ડાબા હાથના ઝડપી બોલર ગુર્જપનીત સિંહ, આઈપીએલ ડિસ્કવરી ઝડપી બોલર પ્રિન્સ યાદવ અને ઓફ સ્પિનર સરંશ જૈનનો સમાવેશ થાય છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) એ એક રિલીઝમાં જણાવ્યું હતું કે, ટેસ્ટ મેચની તૈયારીમાં મદદ કરવા માટે ગુર્જપનીત સિંહ, આકિબ નબી, પ્રિન્સ યાદવ, સરાંશ જૈન, ઝીશાન અંસારી અને શિવંગ કુમારને નેટ બોલર તરીકે ભારતીય ટીમમાં ઉમેરવામાં આવ્યા છે.

અગાઉ, બી સીસીઆઈના એક સૂત્રએ જણાવ્યું હતું કે આકિબ નબીને ભારતીય નેટ પ્રેક્ટિસ સત્રમાં જોડાવા માટે કહેવામાં આવ્યું છે. ફક્ત આકિબ જ નહીં, પાંચ અન્ય બોલરોને પણ નેટ પ્રેક્ટિસ માટે બોલાવવામાં આવ્યા છે. ભારતના બે મુખ્ય ફાસ્ટ બોલર, મહંમદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણા, સાત દિવસમાં ત્રણ આઈપીએલ મેચ રમવાને કારણે નેટ પ્રેક્ટિસમાં પોતાનો સંપૂર્ણ પ્રયાસ કરી શકતા નથી. બેટ્સમેનોને પૂરતી પ્રેક્ટિસની જરૂર છે.

સિંધુ બીજા રાઉન્ડમાં, શ્રીકાંત, લક્ષ્ય, માલવિકા આઉટ

પુરુષ ડબલ્સમાં હરિહરન-અર્જુનની જોડી જીતી, મહિલા ડબલ્સમાં ગાયત્રી-ત્રિસા અને મિક્સ ડબલ્સમાં ધ્રુવ-તનિષાની જોડી હારી

જકાર્તા, તા. 02 (પીટીઆઈ) : બે વખતની ઓલિમ્પિક્સ મેડલિસ્ટ પીવી સિંધુએ મંગળવારે અહીં સીધી ગેમમાં જીત મેળવીને ઇન્ડોનેશિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પ્રવેશ કરવા માટે કેટલીક મુશ્કેલ ક્ષણોને પાર કરી, પરંતુ કિદામ્બી શ્રીકાંત અને લક્ષ્ય સેન પ્રથમ રાઉન્ડનો અવરોધ પાર કરવામાં નિષ્ફળ ગયા.

સિંધુએ થાઈલેન્ડની બુસાનન ઓંગબામરુંગફાનને ૫૧ મિનિટમાં ૨૫-૨૩, ૨૧-૧૯ થી હરાવી. બિનક્રમાંકિત ભારતીય સિંધુનો સામનો બીજા રાઉન્ડમાં ઓલિમ્પિક ચેમ્પિયન અને વિશ્વની નંબર વન ખેલાડી એન સે-યંગ સાથે થઈ શકે છે.

શ્રીકાંત પુરુષ સિંગલ્સના પહેલા રાઉન્ડમાં જાપાનના યુશી તનાકા સામે ૧૯-૨૧, ૧૫-૨૧થી જ્યારે લક્ષ્યને ઇન્ડોનેશિયાના અલ્વી ફરહાન સામે ૧૯-૨૧, ૧૬-૨૧થી હારનો સામનો કરવો પડ્યો હતો મહિલાઓમાં, માલવિકા બંસોડે પણ પહેલા રાઉન્ડમાં જ થાઈલેન્ડની પોર્નપાવી ચોચુવોંગ સામે 21-12, 21-10 થી સરળતાથી હારનો સામનો કરવો પડ્યો. મેન્સ ડબલ્સમાં, હરિહરન અમસાકરુનન અને એમઆર અર્જુને નૂર મોહમ્મદ અઝરીન અયુબ અને તાન વી કિઓંગની ઉચ્ચ ક્રમાંકિત મલેશિયન જોડીને 21-18, 21-10થી હરાવી. જોકે, મહિલા ડબલ્સમાં, ત્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદ ઇન્ડોનેશિયન જોડી ફેબ્રિઆના દ્વિપુજી કુસુમા અને મેલિસા ટ્રાયસ પુસ્પિતાસારી સામે ૧૪-૨૧, ૧૨-૨૧થી જ્યારે મિક્ષ્ડ ડબલ્સમાં, ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોની જોડી પણ પહેલા રાઉન્ડમાં ગુઓ ઝિન વા અને ચેન ફેંગની છઠ્ઠી ક્રમાંકિત ચીની જોડી સામે ૧૧-૨૧, ૧૦-૨૧થી હારીને બહાર થઈ હતી.

BCCIએ સાઈરાજ બહુતુલેને સ્પિન બોલિંગ કોચ બનાવ્યો

મુંબઈ, તા. 02 (પીટીઆઈ) : અગાઉ દેશની અંડર-19 અને ભારત A ટીમો સાથે કામ કરનાર ભારતના માજી લેગ-સ્પિનર સાઈરાજ બહુતુલેને મંગળવારે પુરુષ રાષ્ટ્રીય ટીમના સ્પિન બોલિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો. બહુતુલેએ બે ટેસ્ટ અને આઠ વનડેમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. તે તાજેતરમાં સમાપ્ત થયેલી ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માં પંજાબ કિંગ્સ સાથે હતો. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બીસીસીઆઇને જાહેરાત કરતા આનંદ થાય છે કે સાઈરાજ બહુતુલેને ભારતીય સીનિયર ક્રિકેટ ટીમના સ્પિન બોલિંગ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઘરેલુ ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કરનારા 53 વર્ષીય બહુતુલેએ લગભગ બે દાયકાની ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ કારકિર્દીમાં 630 વિકેટ લીધી છે અને 6,176 રન બનાવ્યા છે. નિવૃત્તિ પછી બહુતુલેએ કોચિંગમાં પ્રભાવ પાડ્યો છે, વિદર્ભ, કેરળ, ગુજરાત અને બંગાળના મુખ્ય કોચ તરીકે સેવા આપી છે. તેણે આઈપીએલ ફ્રેન્ચાઈઝી રાજસ્થાન રોયલ્સ અને તાજેતરમાં પંજાબ કિંગ્સ સાથે સ્પિન બોલિંગ કોચ તરીકે પણ કામ કર્યું છે.

વિરાટ કોહલી-અનુષ્કા પ્રેમાનંદ મહારાજના આશ્રમની મુલાકાતે

કોહલી અને અનુષ્કા માથે ચંદનનો લેપ અને કપાળ પર ત્રિપુંડ સાથે આશ્રમમાંથી બહાર આવતા દેખાયા



મથુરા, તા. 02 (પીટીઆઈ) : સતત બીજા વર્ષે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી)ને ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ટ્રોફીમાં વિજેતા બનાવવામાં મહત્વનું યોગદાન આપનાર માજી કેપ્ટન વિરાટ કોહલી, તેની અભિનેત્રી પત્ની અનુષ્કા શર્મા સાથે, મંગળવારે વૃંદાવનમાં સંત પ્રેમાનંદ મહારાજના આશ્રમ પહોંચીને ગુરુના આશીર્વાદ પ્રાપ્ત કર્યા પછી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આશ્રમના સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને માસ્ક પહેરીને સવારે લગભગ 7 વાગ્યે કાર દ્વારા વૃંદાવન પરિક્રમા માર્ગ પર શ્રીહિત રાધા કેલી કુંજ આશ્રમ પહોંચ્યા, સંતની મુલાકાત લીધી અને તેમના આશીર્વાદ મેળવ્યા. તેઓ લગભગ બે કલાક ત્યાં રહ્યા. જ્યારે તેઓ આશ્રમના એકાંત સભાખંડમાંથી બહાર નીકળ્યા, ત્યારે તેઓએ સંતોની જેમ જ ચંદનનો લેપ અને કપાળ પર ત્રિપુંડ્રનું ચિહ્ન લગાવ્યું. તેમને આશ્રમ તરફથી ભેટ તરીકે એક પુસ્તક પણ મળ્યું, જે તેઓ પોતાની સાથે લઈ ગયા.

વૈભવની બ્રાન્ડ વેલ્યુમાં IPL પછી ઉછાળો

IPL પહેલા તેની એન્ડોર્સમેન્ટ ફી રૂ. એક કરોડ હતી તે હવે વધારીને તેણે રૂ. 2 કરોડ કરી દીધી

નવી દિલ્હી, તા. 02 : આઈપીએલ 2026 સીઝન પૂર્ણ થઈ પણ આ સીઝનમાં સૌથી વધુ ચર્ચામાં રહેનાર15 વર્ષીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશીની બ્રાન્ડ વેલ્યુમાં મોટો ઉછાળો આવ્યો છે. ઉદ્યોગ નિષ્ણાતોના મતે, આઈપીએલ પછી વૈભવ સૂર્યવંશીએ તેની બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ ફી લગભગ બમણી કરી દીધી છે. આઈપીએલ 2026માં 16 ઇનિંગ્સમાં 776 રન કરનાર વૈભવે માત્ર ઓરેન્જ કેપ જ નથી મેળવી પણ તે સિઝનનો સૌથી મૂલ્યવાન ખેલાડી પણ બન્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઉદ્યોગના નિષ્ણાતોએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે આઈપીએલ 2026 શરૂ થયા પહેલા, વૈભવ દરેક બ્રાન્ડ ડીલ માટે લગભગ 1 કરોડ ચાર્જ કરતો હતો. તેણે કોમ્પ્લેન અને રેડ બુલ જેવી મોટી બ્રાન્ડ્સ સાથે એન્ડોર્સમેન્ટ કર્યા હતા. પરંતુ હવે તેની એન્ડોર્સમેન્ટ ફી પ્રતિ ડીલ 1.5 થી 2 કરોડ થઈ ગઈ છે અને ઘણી અન્ય મોટી બ્રાન્ડ્સ તેને સાઈન કરવા માટે લાઇનમાં છે.

સુડોકુ ૬૫૩૯ - ‘કૃતિ’

૫	૮		૭	૨			૯	
	૩	૪	૯	૮			૬	૧
૬		૯	૧				૫	
૪	૨	૮				૫	૧	૭
	૫					૮		૬
		૩					૨	૯
૩			૪		૧	૬	૮	૨
૮	૪	૬					૭	૩
૭		૨		૩	૮		૪	૫

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

શુક્રમેહ

પેશાબ સાથે ચીકણું પ્રવાહી નીકળે તેને ધાત તરીકે ઓળખાય છે. પાંચ એલચી, સેકેલી હિંગ 400 મીલીગ્રામ વાટી, ઘી નાખેલાં દૂધ સાથે લેવું. દશ દિવસ લેવું

આજનું પંચાંગ

તા.03/06/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અધિક જેઠ
તિથિ: વદ: ત્રીજ : 21:22 સંકષ્ટ ચતુર્થી
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ: 13
યોગ : શુભ **કરણ:** વણિજ
નક્ષત્ર : પૂ.ષા:25:00
રાશિ: ધન (ભ,ધ,ફ,ઢ)
દિવસ : મિશ્ર
સુરતમાં સૂર્યોદય : 05:58
સુરતમાં સૂર્યાસ્ત : 19:15
નવકારસી : 06:46
પારસી વર્ષ : 1395 દએ માસનો 23મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્હેજ માસનો 16મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરે : 12:00 થી 13:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): સતત વ્યસ્ત રહેવાનું બનશે. નવી જવાબદારી અને ઘરનાં કામ વધે. નોકરીમાં મદદ મળતી રહે.

વૃષભ (બ,વ,ઉ,): ઉધાર લેવા દેવાનું ટાળવું. પ્રવાસમાં સામાનનું ધ્યાન રાખવું. પોલીસ લફરાથી બચવું.

મિથુન (ક,છ,ઘ,): તમારા કામની કદર થાય. વિદ્યાર્થીઓને તક મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી. સંતાન ચિંતા રહે.

કર્ક (ડ,હ,): આત્મવિશ્વાસ વધે તેવાં કામ પાર પડશે. નોકરીમાં પ્રમોશન કે પગારવધારો થાય. આવક વધે.

સિંહ (મ,ટ,): મનોરંજન પ્રવાસ થાય. જીવનસાથી સાથે સામાજિક કામ પાર પડે. ધાર્મિક પ્રવાસ થાય.

કન્યા (પ,ઠ,ણ,): અચાનક લાભ થાય. ઉઘરાણી આવી શકે છે. નોકરીમાં લાલચથી બચવું. ખર્ચા વધશે.

તુલા (ર,ત,): ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. રોજની આવક વધે. સામાજિક કામમાં યશ મળે.

વૃશ્ચિક (ન,ય,): આરોગ્ય નરમ રહે. ખર્ચા વધશે. હિત શત્રુઓથી સાવધાન વાણી પર કાબૂ રાખવો.

ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રેમમાં અનુકૂળતા રહે. આવક વધારવાની યોજના બને. સંતાનોના કામમાં મદદ મળે.

મકર (ખ,જ,): નવા વાહનની યોજના બને. બહારનાં કામનો બોજ વધે. ઘરમાં નવા ફેરફાર થાય.

કુંભ (ગ,સ,શ,ષ,): જીવનસાથી ભાઈ, બહેન-મિત્રોની મદદથી નવા કામની શરૂઆત અનુકૂળ રહે.

મીન (દ,ચ,ઝ,થ,): આવક વધારવાનાં સાધનો વધે. શુભ સમાચાર મળે. ઘરમાં તાલમેળ રહે. વિવાદ ટાળવો.

કોઈ પણ સાલમાં 03 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવી તક તથા ટેકનોલોજી અને સ્થાનફેર થાય. નવું શીખવા મળે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. ઉચ્ચશિક્ષમમાં સાવધાનીપૂર્વક મહેનત કરવી પડે. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. સમાજમાં માન વધે તેમજ સામાજિક કામની જવાબદારી મળે ઘર પરિવારની અપેક્ષાઓ કામનો બોજ વધારે નોકરી ધંધા વ્યવસાયમાં હરીફો સતાવેશ. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ કચેરી તથા પોલીસને લગતાં કામથી દોડ-ધામ વધશે. નવા ઘર, વાહન, મકાનની યોજના શરૂઆતમાં પાર પડશે. મિત્રો-વડીલોની મદદ સંતાન અને સામાજિક કામમાં મળે. આર્થિક બાબતે ચડતીપડતી રહે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી માર્ચ તથા નવેમ્બર ડિસેમ્બર ગુરુ શુક્રવાર 3, 12, 21, 30 તારીખે નવા કામ કરવાં. પીળો, જાંબલી અને સોનેરી રંગ વાપરતા રહેવું. જૂન-જુલાઈ રવિ-બુધવાર, 2, 11, 20, 29, તારીખે નવાં કામ ટાળવાં. લાલ-નીલો રંગ ટાળવો.

અનુસંધાન... પાના પહેલાનું

યુક્રેન પર...

કાઢ્યા હતા. આ હુમલા પરોઢિયે પણ ચાલુ રહ્યા હતા, જેમાં શહેરો વિસ્ફોટોના અવાજોથી ગૂંજી ઊઠ્યાં હતાં. યુક્રેનના રાષ્ટ્રપતિ વૉલોદિમીર ઝેલેન્સ્કીએ વધુ યુએસ અને યુરોપિયન સમર્થન માટે અપીલ કરી હતી અને આ રાતભર થયેલા મોટા પાયે હુમલાઓને ‘રશિયા દ્વારા એક સ્પષ્ટ નિવેદન’ ગણાવ્યું હતું: “જો યુક્રેનને બેલિસ્ટિક મિસાઇલો અને અન્ય મિસાઇલ હુમલાઓથી સુરક્ષિત કરવામાં નહીં આવે તો તે હુમલાઓ ચાલુ રહેશે.”

ટ્રમ્પની ‘ફોન-ગીરી’:...

વચ્ચે આવી છે જેમાં દાવો કરાયો છે કે બંને નેતાઓ વચ્ચેની વાતચીત ઉગ્ર રહી હતી અને અમેરિકી રાષ્ટ્રપ્રમુખે નેતન્યાહુને ત્યાં સુધી કહી દીધું હતું કે જો તેમણે હસ્તક્ષેપ ન કર્યો હોત તો તેઓ (નેતન્યાહુ) જેલમાં હોત. ઇઝરાયેલી વડાપ્રધાનના લોકપ્રિય ઉપનામનો ઉપયોગ કરતા ટ્રમ્પે જણાવ્યું કે, મેં આજે (સોમવારે) બીબી નેતન્યાહુ સાથે વાતચીત કરી હતી અને તેમને લેબનોનના બેરૂતમાં મોટો હુમલો ન કરવા વિનંતી કરી હતી. તેમણે પોતાના સૈનિકો પાછા વાળી લીધા છે. થેન્ક યુ બીબી. નેતન્યાહુ સાથે ટ્રમ્પની ફોન પરની વાતચીત એવા સમયે થઈ છે જ્યારે ઈરાને લેબનોન પર ઈઝરાયેલના હુમલાને લઈને અમેરિકા સાથેની મંત્રણા ખતમ કરવાની ધમકી આપી હતી. ટ્રમ્પે વધુમાં જણાવ્યું હતું કે તેમણે હિઝબુલ્લાહના નેતાઓના પ્રતિનિધિઓ સાથે પણ વાતચીત કરી છે, જેઓ ઈઝરાયેલ અને તેના સૈનિકો પર ગોળીબાર બંધ કરવા માટે સંમત થયા છે. જો કે આ ટેલિફોનિક વાતચીતમાં ઘણી ગરમાગરમી થઇ હોવાના અહેવાલ છે. એક સૂત્રએ એક્સિઓસ ન્યૂઝ આઉટલેટને જણાવ્યું હતું કે વાતચીતમાં એક તબક્કે પ્રમુખ ટ્રમ્પે ઇઝરાયેલના વડાપ્રધાનને ગાળ પણ આપી હતું. લેબેનોનમાં ઇઝરાયેલ હુમલા કરી રહ્યું છે તે સંદર્ભમાં ટ્રમ્પે નેતાન્યાહુને કહ્યું હતું કે ‘‘...હુ તું આ શું કરી રહ્યો છે?’’ બે સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે ટ્રમ્પે નેતાન્યાહુને એહસાન ફરામોશ ગણાવ્યા હતા અને કહ્યું હતું કે બૈરૂત પર બોમ્બમારો કરવાની ધમકીથી ઇઝરાયેલ જ મુશ્કેલીમાં મૂકાઇ જશે. વિશ્લેષકોના મતે આ ટેલિફોનિક વાતચીત પરથી એમ પણ જણાઇ આવે છે કે ઇરાન સાથે સંધિ કરવા માટે ટ્રમ્પ ખૂબ ઉત્સુક છે.

ઇઝરાયેલનો...

રસ્તા પર એક કારને નિશાન બનાવી હતી, જેમાં નજીકના ખ્રિસ્તી નગરના ડેન્ટિસ્ટ જેમ્સ કરામ અને તેમનાં બે બાળકોનાં મોત થયાં હતાં. આ ઉપરાંત જીબચીત ગામમાં એક નર્સરીમાં કામ કરતા બે સીરિયન નાગરિકો અને તૌલ તેમજ હારુફ ગામ નજીક અન્ય લોકો પણ ડ્રોન હુમલાનો ભોગ બન્યા હતા. બીજી બાજુ હિઝબુલ્લાહે પણ ઇઝરાયેલી સરહદથી 7 કિમી દૂર હદથા ગામમાં આગળ વધી રહેલા ઇઝરાયેલી સૈનિકો પર એન્ટી-ટેન્ક મિસાઈલો દાગી હતી. બંને દેશો વચ્ચે એપ્રિલ મહિનામાં વોશિંગ્ટન ખાતે મધ્યસ્થી દ્વારા શાંતિ વાટાઘાટો શરૂ થઈ હતી, જે છેલ્લા ત્રણ દાયકામાં પ્રથમવાર હતી. જોકે, ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધવિરામ કરારને લંબાવવામાં આ લડાઈ મોટો અવરોધ બની રહી છે, કારણ કે ઈરાન ઈચ્છે છે કે કોઈપણ કરાર પહેલા લેબનોનમાં સંપૂર્ણ યુદ્ધવિરામ થાય. આ ભીષણ લડાઈમાં અત્યાર સુધીમાં લેબનોનમાં 3433 લોકોનાં મોત થયાં છે અને 10 લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે, જ્યારે ઇઝરાયેલે પણ તેના 27 સૈનિકો ગુમાવ્યા છે. હિઝબુલ્લાહ દ્વારા વપરાતા અત્યાધુનિક ફાઈબર-ઓપ્ટિક ડ્રોન હાલમાં ઇઝરાયેલી સેના માટે ઘાતક સાબિત થઈ રહ્યા છે.

ગુજરાતમાં...

મહોત્સવ માટે લાખો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલો વિશાળ મંડપ તોફાની પવનમાં કાગળની જેમ ઊડી ગયો હતો. વાવ-થરાદ સહિત ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ખેડૂતોને સૌથી મોટો ફટકો પડ્યો છે. ખેતરોમાં તૈયાર ઉભેલા બાજરી સહિતના ઉનાળું પાકને ભારે નુકસાન થયું છે. અચાનક આવેલા વરસાદ અને પવને પાક જમીનદોસ્ત કરી નાખતાં ખેડૂતોમાં નિરાશા વ્યાપી છે. છોટાઉદેપુર જિલ્લામાં પણ વાવાઝોડાએ જગતના તાતની કમર તોડી નાખી છે. ભારે પવન અને તોફાની વરસાદના કારણે કેળાના પાકને મોટું નુકસાન થયું છે. સંખ્યાબંધ કેળના વૃક્ષો તૂટી પડતાં ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. અમદાવાદ, આણંદ, ડાંગ, દાહોદ અને અન્ય અનેક જિલ્લાઓમાં વૃક્ષો ધરાશાયી થવા, પતરાં ઊડી જવા અને વીજ પુરવઠા પર અસર થવાના બનાવો નોંધાયા છે. કચ્છના રાપર શહેરમાં મોડી રાત્રે અચાનક વાતાવરણમાં પલટો આવતા તેજ પવન સાથે ઝરમર વરસાદી ઝાપટાં પડ્યા હતા. ભારે ધૂળની ડમરીઓ ઊડતાં મિની વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી. વીજ કંપનીએ સાવચેતીના ભાગરૂપે થોડા સમય માટે પાવર કટ પણ કર્યો હતો. અમદાવાદ જિલ્લાના ધંધુકામાં સૌથી વધુ ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત ખેડા, માતર, લખતર, ચુડા, નડિયાદ, માણસા, દસાડા, ઉમરેઠ, મહુધા, તલોદ અને રાધનપુર સહિતના વિસ્તારોમાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો.

OSM વિવાદ:...

આશંકા દ્રઢ બની છે. પરિણામે, સિસ્ટમને સુધારવા માટે તાત્કાલિક ધોરણે IIT અને IIMના નિષ્ણાતોને સામેલ કરવા પડ્યા હતા. આ વહીવટી ફેરબદલ બાદ વિપક્ષે સરકાર પર પ્રહારો તેજ કર્યા છે. આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલે એક્સ પર સવાલ ઉઠાવ્યો કે શું અધિકારીઓની બદલી પૂરતી સજા છે? બીજી બાજુ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરી છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે ‘COEMPT’ જેવી વિવાદાસ્પદ કંપનીને કોન્ટ્રાક્ટ આપવાની સંપૂર્ણ જવાબદારી શિક્ષણ મંત્રાલયની છે.

રાજસ્થાન...

ફેંકી દીધા હતા, રસ્તાઓ બ્લોક કરી દીધા હતા અને કેટલાંય ગામોમાં વીજ પુરવઠો ખોરવી નાખ્યો હતો. મૃતકોમાં ૨૫ વર્ષીય લોક કલાકાર સ્વરૂપ ખાન પણ સામેલ હતા, જેઓ જેસલમેરના લોકપ્રિય સામ પ્રવાસી વિસ્તારમાં આવેલા એક ડેઝર્ટ રિસોર્ટમાં પ્રદર્શન કરી રહ્યા હતા. સોમવારે મોડી રાત્રે જ્યારે જોરદાર ધૂળનું વાવાઝોડું ત્રાટક્યું ત્યારે એક સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન સિમેન્ટની દીવાલ લોક કલાકાર સહિતના કલાકારો પર તૂટી પડી હતી. પરંપરાગત સંગીતકારોના માંગણિયાર સમુદાયના સભ્ય સ્વરૂપ ખાનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી અને તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અન્ય ત્રણ કલાકારો, જેમાં બે મહિલા નર્તકો પણ સામેલ છે, તેઓ ઘાયલ થયા હતા. જેસલમેરના કલેક્ટર અનુપમા જોરવાલે જણાવ્યું હતું કે, આ વાવાઝોડાને કારણે સમગ્ર જિલ્લામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ મોટું નુકસાન થયું છે. બાડમેર જિલ્લામાં વાવાઝોડા દરમિયાન દીવાલો ધરાશાયી થતાં બે અલગ-અલગ ઘટનાઓમાં બે બાળકોનાં મોત થયાં હતાં. ઉપરાંત અન્ય ત્રણ વ્યક્તિઓનાં મોત થયા હતા. મધ્ય પ્રદેશના નીમચમાં એક મકાનની છત ધસી પડતા એક માતા-પુત્રનાં મોત નિપજ્યા હતા. જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં મંગળવારે બે જગ્યાએ વાદળ ફાટ્યા છે. પ્રથમ વાદળ સરથલના ગહન વિસ્તારમાં અને બીજું માછીપાલ વિસ્તારમાં ફાટ્યું છે. કેટલાક વિસ્તારોમાં ભૂસ્ખલનના કારણે રસ્તાઓ બંધ થઈ ગયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હાલમાં કોઈ જાનમાલના નુકસાનના સમાચાર નથી. પોલીસ, રેડ ક્રોસ, મહેસૂલ વિભાગ અને અન્ય એજન્સીઓની ટીમો ઘટનાસ્થળે મોકલવામાં આવી છે.

દિલ્હી ડાયરી...

પદ માટે ત્રણ વૈકલ્પિક નામો સૂચવ્યાં હતાં. તેમની પ્રથમ પસંદગી દલિત સમુદાયના નેતા ડો. જી. પરમેશ્વર હતા. તેમની બીજી પસંદગી એમ. બી. પાટીલ હતા, જેઓ ભાજપના વરિષ્ઠ નેતા બી. એસ. યેદિયુરપ્પા પછી કર્ણાટકના સૌથી પ્રભાવશાળી લિંગાયત નેતાઓ પૈકીના એક ગણાય છે. અને તેમની ત્રીજી પસંદગી સતીશ જારકીહોલી હતા, જેઓ વાલ્મીકિ નાયક સમુદાયમાંથી આવે છે.

સત્તાના ત્યાગ બદલ સિદ્ધારમૈયાની હાઈકમાન્ડ સમક્ષ રાજકીય માગણીઓ

જોકે, કર્ણાટકના પ્રભાવશાળી ઓબીસી નેતા અને વિદાય લઈ રહેલા મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ આખરે કોંગ્રેસ હાઈકમાન્ડના દબાણ હેઠળ સર્વોચ્ચ પદ પરથી રાજીનામું આપી દીધું છે, પરંતુ હવે તેઓ પોતાના આ ત્યાગ બદલ દિલ્હી પાસે રાજકીય વળતર માંગી રહ્યા છે. એઆઈસીસીનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, સિદ્ધારમૈયા તાજેતરમાં જ્યારે દિલ્હી પહોંચ્યા ત્યારે તેઓ રાહુલ ગાંધીને મળ્યા હતા અને તેમને પોતાની માગણીઓની એક વિગતવાર યાદી સુપરત કરી હતી. સૂત્રોએ સંકેત આપ્યો છે કે, તેમની સૌથી મોટી ચિંતા તેમના પુત્ર યતીન્દ્ર સિદ્ધારમૈયાના રાજકીય ભવિષ્યની છે.